1. ભૂ-સ્મલન એટલે શું? તે થવાનાં કારણો કયાં છે ?

- જમીનનો એક મોટો ભાગ કે ખડકો-ભેખડોનું કે તેના કોઈ ભાગનું પહાડ પરથી સરકી નીચે ધસી પડવું તેને ભૂ-સ્મલન કહે છે. ભૂ-ખલનની ઘટનાઓ મુખ્યત્વે પહાડી વિસ્તારોમાં સર્જાતી હોય છે. ભૂ-સ્મલનનાં કારણો : (1) ભૌગોલિક, (2) ભૂ-રચનાકીય, (3) ભૌતિક અને (4) માનવીય કારણો.

2. જ્વાળામુખી પ્રસ્ફોટન સમયે સાવચેતીનાં કયાં પગલાં લેવાં જોઈએ?

- જ્વાળામુખીના પ્રસ્ફોટન સમયે સાવચેતીનાં નીચે પ્રમાણેનાં પગલાં લેવાં જોઈએ :
  જ્વાળામુખી પ્રસ્ફોટન સમયે વહીવટીતંત્રના આદેશોનું પાલન કરવું જોઈએ.
  જ્વાળામુખી પ્રસ્ફોટન સ્થળથી શક્ય એટલા દૂર રહેવું જોઈએ.
  જ્વાળામુખી પ્રસ્ફોટનને નજીકથી નરી આંખે જોવાનું ટાળવું જોઈએ.
  જ્વાળામુખી પ્રસ્ફોટનની જાણ સત્વરે વહીવટીતંત્રને આપવી જોઈએ.

3. હિમપ્રપાત એટલે શું? હિમપ્રપાત થવાનાં કારણો કયાં છે ?

- ઊતુંગ પર્વતીય વિસ્તારોના હિમાચ્છાદિત ક્ષેત્રોમાં બરફની શિલાઓ કે બરફના મોટા ભાગ પર્વત પરથી નીચે ધસી પડે તેને હિમપ્રપાત કહે છે. ભૂ-સંચલન ક્રિયા, બરફ પર રમાતી સ્કીઈંગ જેવી રમતો, પર્વતારોહણ, હિમવૃષ્ટિનું દબાણ વગેરે કારણોસર ‘હિમપ્રપાતની ઘટના’ સર્જાય છે.

4. હિમપ્રપાત સમયે સાવચેતીનાં કયાં પગલાં લેવાં જોઈએ .

- હિમપ્રપાત સમયે સાવચેતી માટે નીચેનાં પગલાં લેવાં જોઈએ. હિમાચ્છાદિત ક્ષેત્રોમાંથી પસાર થતી વખતે વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી સુચનાઓનો અમલ કરવો જોઈએ. હિમાચ્છાદિત ક્ષેત્રોમાં જ્યારે તોફાની પવન કે ભારે વૃષ્ટિ થતી હોય ત્યારે એવા પ્રદેશોમાં જવું જોઈએ નહિ.
- હિમાચ્છાદિત ક્ષેત્રોમાંથી પસાર થવાનું હોય ત્યારે સાવચેતીના પગલા સ્વરૂપે જીવનજરૂરિયાતની ચીજો સાથે રાખવી જોઈએ. આવાં ક્ષેત્રોમાંથી પસાર થતી વખતે આપકાલીન કિટ (Emergency kit) સાથે રાખવી જોઈએ.

5. ભૂ-સ્મલન સમયે બચવાના ઉપાયો જણાવો.

- ભૂ-સ્મલન સમયે બચવાના ઉપાયો નીચે પ્રમાણે છેઃ ભૂ-અલન વિસ્તારમાંથી પસાર થતી વખતે જીવનજરૂરિયાતની સામગ્રી સાથે રાખવી. આવા વિસ્તારના માર્ગો પરથી પસાર થતી વખતે સૂચના- બોર્ડ પર અપાયેલી સુચનાઓનો અમલ કરવો.
- વર્ષાઋતુના સમયગાળા દરમિયાન ભૂ-સ્મલન સંભવિત વિસ્તારમાં જવાનું ટાળો. જે વિસ્તારમાં ભૂ-સ્મલનની ક્રિયા ચાલતી હોય તે સમયે આવા વિસ્તારોમાંથી પસાર થવાની ઉતાવળ કરવી નહિ.

6. દુષ્કાળ શું છે? તે માટે કયું કારણ જવાબદાર છે?

- વરસાદ પડ્યો ન હોય, પાણીની કારમી તંગી હોય, પાણીના અભાવે ખેત-ઉત્પાદન લઈ ના શકાય, પશુઓ માટે ઘાસચારાની કારમી તંગી હોય વગેરે લક્ષણોની સામૂહિક પરિસ્થિતિને દુષ્કાળ કહે છે. અનાવૃષ્ટિ દુષ્કાળ માટેનું જવાબદાર કારણ છે.

7. જંતુજન્ય રોગો કયા છે? આવા રોગોને કેવી રીતે અંકુશમાં લઈ શકાય?

- એન્ટેક્સ, બર્ડ ફ્લ, સ્વાઈન ફ્લ, ચિકનગુનિયા, એઈડ્સ વગેરે જંતુજન્ય રોગો છે. કેટલાક જીવજંતુઓ, વાઈરસ, બૅક્ટરિયા, વિષાણુઓ આ રોગ ફેલાવે છે. રોગ વિશેની જાણકારી, સ્વચ્છતા, કચરાનો યોગ્ય સ્થાને નિકાલ, મેડિકલ વેસ્ટ'નો યોગ્ય પદ્ધતિથી નિકાલ વગેરે જતજન્ય રોગને અંકુશમાં રાખવાના ઉપાય છે.

8. દુષ્કાળ વ્યવસ્થાપન (Drought Management) જણાવો.

- દુષ્કાળની અસરો લાંબા ગાળા સુધી અનુભવવી પડે છે, તેથી દુષ્કાળ વ્યવસ્થાપન જરૂરી છે. દુષ્કાળનું કારણ છેવટે તો જળતંગી છે. જળસ્રોતોનો યોગ્ય રીતે કરકસરપૂર્વક ઉપયોગ કરવામાં આવે, આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરી પાણીનો ઉપયોગ કરવામાં આવે, તો દુષ્કાળની અસરને ઓછી કરી શકાય છે. વૃક્ષ વરસાદનું નિયમન કરે છે. તેથી વનીકરણની પ્રવૃત્તિને વેગ આપવો જોઈએ. વળી જળ એ જીવન છે, તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની ટેવ પાડ્વી વગેરે બાબતો દ્વારા દુષ્કાળ વ્યવસ્થાપન કરી શકાય છે.